(૩૮)

હ. ઉ. ગુ. યુ.        રોજગાર

## બી. ~~એમ~~.એસ. ડબલ્યુના અભ્યાસક્રમના જોડાણની શરતો

૧. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબનું અલાયદું મકાન તથા હોસ્ટેલની અલગ વ્યવસ્થા સંસ્થાની પોતાની માલિકીની જમીનમાં હોવી જોઇએ, સંસ્થા પાસે પોતાનું મકાન ન હોય તો રૂા. ૧૨ લાખની ડિપોઝીટ સંસ્થા અને કુલસચિવના સંયુકત નામે મૂકવાની રહેશે. જો ભાડાનું મકાન હોય તો તે અંગેનો ભાડા કરાર રજૂ કરવાનો રહેશે.

૨. ૨૫ વિદ્યાર્થીની પ્રવેશ ક્ષમતા મંજૂર કરવામાં આવે છે. તે સામે ૧ આચાર્ય, અને ૩ વ્યાખ્યાતા તથા ૧ લાઈબ્રેરીયનની જગ્યાઓ યુનિવર્સિટીના નિયમોનુસાર પ્રવેશ પહેલાં ભરવાની રહેશે. ~~બિન– શિક્ષક વર્ગમાં ૧ ક્લાર્ક તથા ૧ પટાવાળાની જગ્યાઓ ભરવી.~~

૩. અભ્યાસક્રમને અનુરૂપ તમામ ભૌતિક સુવિધાઓ જેવી કે, કોમ્પ્યુટર, પ્રિન્ટર, ફેકસ, ઇ–મેઇલ, ઓવરહેડ પ્રોજેકટર, વી. સી. આર., ઇન્ટરનેટ અને આ સંદર્ભિત અન્ય સુવિધાઓ, જરૂરી ફર્નીચર, સુવિધા સાથેનું ગ્રંથાલય, ગર્લ્સ રૂમ, સ્ટાફ રૂમ, કોન્ફરન્સ હોલ તથા સેનેટરીની વ્યવસ્થા હોવી જોઇએ.

૪. ગ્રંથાલયમાં અભ્યાસક્રમને સુસંગત રૂા. ૨૫,૦૦૦/– પુસ્તકો, જરૂરી સંખ્યામાં સામાયિકો, જર્નલ્સ હોવા જરૂરી છે. રૂા. ૧૦ હજારના પુસ્તકો આવર્તક ખર્ચ તરીકે દર વર્ષે વસાવવાના રહેશે.

૫. રૂા. ૬ લાખની ડિપોઝીટ તથા કર્મચારીઓના પગાર સિક્યોરીટી માટે રૂા. ૨ લાખની ડિપોઝીટ ૬ વર્ષ માટે કુલસચિવ અને સંસ્થાના પ્રમુખ / મંત્રીના સંયુકત નામે મૂકવાની રહેશે. જેને સમયાંતરે રીન્યુ કરાવવાની રહેશે.

૬. સંસ્થાની આર્થિક સધ્ધરતા માટે રૂા. ૨૫ લાખની રોકડ બેંક બેલેન્સ, રૂા. ૨૫ લાખની સ્થાયી અસ્કયામતો તથા રૂા. ૫ લાખનું વર્કિંગ ફંડ મંડળના નામે હોવાના આધારો રજૂ કરવાના રહેશે.

૭. કાયદાકીય ફી પ્રતિ વર્ષ રૂા. ૨ હજાર તથા વિદ્યાર્થીદીઠ વિકાસ ફાળો રૂા. ૫૦૦/– પ્રતિ વર્ષ યુનિવર્સિટીમાં જમા કરાવવાનો રહેશે.

૮. યુનિવર્સિટી ધ્વારા કેન્દ્રીય પધ્ધતિથી વિદ્યાર્થી પ્રવેશ આપવામાં આવશે. નિયમોને આધીન જ ફી લેવાની રહેશે. અન્ય નકકી કર્યા સિવાયના કોઇ પણ સદર હેઠળ બિનઅધિકૃત રીતે ફી લઇ શકાશે નહી.

૯. તમામ કર્મચારીઓ માટે નિવૃત્તીના લાભો, પ્રોવિડંડ ફંડની જોગવાઇ કરવામાં આવે તથા પગાર બેંક મારફતે જ ચૂકવવામાં આવે.

૧૦. રાજય સરકારના તથા યુનિવર્સિટીના અન્ય તમામ નિયમો, શરતો બંધનકર્તા રહેશે. તેની બાંહેધરી આપવાની રહેશે.

૧૧. શરતોના પરીપાલનની ખાતરી ભૌતિક ચકાસણી કર્યા બાદ યોગ્ય જણાશે તો જ વિદ્યાર્થી સંખ્યા વધારવામાં ~~આવશે~~.

૧૨. નિયમાનુસાર શારીરિક શિક્ષણના અધ્યાપકની ભરતી કરવી.